# LIONS DISTRICT SERVICE FUND

ઈ. સ. 1917 માં સ્થપાયેલ લાયન્સ ઈન્ટરનેશનલ વિશ્વના 212 દેશમાં છેલ્લા 106 વર્ષથી સેવાકીય કાર્યો કરે છે. 14 લાખથી પણ વધુ લાયન સભ્યો, 88000 થી વધુ લાયન્સ કલબોમાં જોડઈને પ્રવૃત્તિઓ કરે છે પરંતુ તેનો જોઈએ તેવો પ્રભાવ નથી.

આપણી ડિસ્ટ્રિક્ટ 323 F2 દ્વારા થતી નાની મોટી પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા અને નાણાંકીય સહાયની પૂર્તતા માટે 1991-92 વર્ષમાં **''લાયન્સ ડિસ્ટ્રિક્ટ સર્વિસ ફંડ''** ની સ્થાપના થઈ. આ સંસ્થા જાહેર ચેરીટેબલ ટ્રસ્ટ છે, જે ચેરીટી કમિશ્નરમાં ઈ/3108/સુરત, તા. 26-09-1991 થી રજીસ્ટર્ડ થયેલ છે. આ સંસ્થામાં અપાતું દાન ઈન્કમટેક્ષની કલમ 80જી (5) હેઠળ રાહતને પાત્ર છે. વર્ષાંતે સંસ્થાના હિસાબો ઓડીટ કરી રીટર્ન ભરવામાં આવે છે. લાયન્સ ઈન્ટરનેશનલે આપણી આ સંસ્થાને ''લાયન્સ'' ના નામનો લોગો વાપરવાની મંજૂરી પણ આપેલ છે. જે ગૌરવની વાત છે.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ આપણી ડિસ્ટ્રિક્ટ 3232 F2ની કલબોને પોતાના હયાત કાયમી પ્રોજેક્ટને વેગ આપવા, નવા નવા પ્રોજેક્ટોને સ્થાપવા અથવા પ્રોજેક્ટ વિસ્તરણ અને આધુનિકરણ કરવા માટે સાધનો ખરીદવા નાણાંકીય સહાય આપવાનો છે.

સ્થાપના કાળથી સંસ્થાના પ્રમુખ તરીકે પૂર્વ મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન લા. એચ. ટી. શાહ સંભાળી રહ્યા હતા. પરંતુ વધતી ઉંમરે કેટલીક શારીરિક મર્યાદાઓને કારણે ગત વર્ષે જ તેમણે સ્વેચ્છાએ આ હોદ્દો છોડયો અને પોતે નિવૃત્ત

થયા. હાલમાં ચેરમેન તરીકે પૂર્વ ગવર્નરશ્રી લા. જમશેદ દોટીવાલા, વાઈસ ચેરમેન તરીકે લા. હેમંત પટેલ, મંત્રી તરીકે લા. સંજીવ ગાંધી અને ખજાનચી તરીકે લા. સુરેશભાઈ ગાંધી સેવા આપી રહ્યા છે.

નાણાંકીય સહાય મેળવવા માટે જે તે કલબોએ નિયત અરજીપત્રકમાં વિગતો સાથેની સંપુર્ણ માહિતિ ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રીને મોકલવી જરૂરી છે. મળેલ અરજીઓ પરથી ટ્રસ્ટી મંડળની મીટીંગમાં ચર્ચાવિચારણા કરી યોગ્યતા પ્રાપ્ત કલબોને ટ્રસ્ટના ધારાધોરણ મુજબ જરૂરી સહાય મંજુર કરવામાં આવે છે.

આ સંસ્થામાં દર વર્ષે ડિસ્ટ્રિક્ટની લગભગ બધી જ કલબો યથાયોગ્ય ફાળો આપે છે. ટ્રસ્ટીઓ, ઔદ્યોગિક એકમો, દાતાશ્રીઓ કે અન્ય સંસ્થાઓ દ્વારા પણ દાન મળતું રહે છે. ડિસ્ટ્રિક્ટ કેબીનેટના દરેક સભ્યો પાસેથી પણ જો આ સંસ્થાને નાણાંકિય મદદ મળે તો સંસ્થા દ્વારા આપાતી નાણાંકીય સહાય વધારી શકાય.

- રૂા. 5000 કે વધુનુ દાન આપનાર દાતાને **''ડિસ્ટ્રિક્ટ ફેલો''**ના પ્રશસ્તિપત્ર અને **સિલ્વર પ્લેટેડ** પીનથી સન્માનિત કરવામાં આવે છે.

-રૂા. 11000 કે વધુનુ દાન આપનાર દાતાને **''ડિસ્ટ્રિક્ટ ફેલો''**ના પ્રશસ્તિપત્ર અને **ગોલ્ડ પ્લેટેડ** પીનથી સન્માનિત કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં અસંખ્ય કલબોને વિવિધ પ્રોજેક્ટો અંતર્ગત નાણાંકીય સહાય કરવામાં આવેલ છે.

**સૌને ઉદાર હાથે દાન આપવા-અપાવવા વિનંતી છે.**